# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ - 380014

## તા. 12/09/2014ના રોજ મળેલી વિદ્યાસભાનો અહેવાલ

ગૂજરાત વિદ્યાપીઠની વર્ષ : 2014ની વિદ્યાસભાની **દ્વિતીય બેઠક** અગાઉ તા. 23/08/2014ના રોજ મળવાની હતી તે કુલનાયક ડૉ. સુદર્શન આયંગારના અધ્યક્ષસ્થાને તા. 12-09-2014ના રોજ બપોરના 1-00 વાગ્યે મ. દે. સમાજસેવા મહાવિદ્યાલયના પરિસંવાદ ખંડમાં મળી હતી. આ બેઠકમાં નીચેના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

| | | | |
|---|---|---|---|
| 1. | ડૉ. સુદર્શન આયંગાર | : | કુલનાયક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| 2. | શ્રી ગોવિંદભાઈ રાવલ | : | ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| 3. | પ્રો. કનુભાઈ નાયક | : | આચાર્ય, મ. દે. સમાજસેવા મહાવિદ્યાલય, અમદાવાદ. |
| 4. | ડૉ. જયપ્રકાશભાઈ પંડ્યા | : | કા. આચાર્ય, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ. વિ., અમદાવાદ |
| 5. | ડૉ. સંધ્યાબહેન ઠાકર | : | પ્રાધ્યાપક, આજીવન શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગ, અમદાવાદ. |
| 6. | ડૉ. કનૈયાલાલ નાયક | : | સંયોજકશ્રી, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા. |
| 7. | ડૉ. પ્રદીપભાઈ આચાર્ય | : | ઇન્ચાર્જ, વિજ્ઞાન એકમ, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા. |
| 8. | ડૉ. રાજીવભાઈ પટેલ | : | ઇન્ચાર્જ, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, રાંધેજા<br>કા. સંયોજક, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજા |
| 9. | ડૉ. હરિભાઈ પટેલ | : | સંયોજક, અભ્યાસક્રમ વિકાસ એકમ, ગૂ.વિ., અમદાવાદ. |
| 10. | ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય | : | અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, મ. દે. સ. મહા., અમદાવાદ. |
| 11. | ડૉ. પુષ્પાબહેન મોતિયાની | : | અધ્યક્ષ, ગાંધીદર્શન / શાંતિસંશોધન કેન્દ્ર, ગૂ. વિ., અમદાવાદ. |
| 12. | ડૉ. નિમિષાબહેન શુક્લ | : | અધ્યક્ષ, અર્થશાસ્ત્ર વિભાગ, ગૂ. વિ., અમદાવાદ. |
| 13 | ડૉ. જશવંતભાઈ પંડ્યા | : | અધ્યક્ષ, હિન્દી વિભાગ, ગૂ. વિ., અમદાવાદ. |
| 14. | ડૉ. વિનોદભાઈ પાંડેય | : | અધ્યક્ષ, પત્રકારત્વ વિભાગ, ગૂ. વિ., અમદાવાદ. |
| 15. | ડૉ. મહેશભાઈ ગામીત | : | કા. અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજમાનવશાસ્ત્ર વિભાગ, ગૂ. વિ., |
| 16. | ડૉ. આનંદીબહેન પટેલ | : | કા. અધ્યક્ષ, સમાજકાર્ય વિભાગ, ગૂ. વિ., અમદાવાદ. |
| 17. | ડૉ. અજયભાઈ પરીખ | : | ઇન્ચાર્જ, કમ્પ્યૂટર વિભાગ, ગૂ. વિ., અમદાવાદ. |
| 18. | શ્રી પ્રજ્ઞાબહેન પાઠક | : | ગ્રંથપાલશ્રી, ગ્રંથાલય વિભાગ, ગૂ. વિ., અમદાવાદ |
| 19. | ડૉ. રામગોપાલ સિંહ | : | પ્રાધ્યાપકશ્રી, હિન્દી વિભાગ, ગૂ. વિ., અમદાવાદ. |
| 20. | શ્રી પૂર્ણિમાબહેન ઉપાધ્યાય | : | મદદનીશ પ્રાધ્યાપક, ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગ, અમદાવાદ. |
| 21. | ડૉ. આરતીબહેન કસ્વેકર | : | પ્રાધ્યાપકશ્રી, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ.વિ., અમદાવાદ |
| 22. | ડૉ. ભરતભાઈ જોશી | : | પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ. વિ., અમદાવાદ |
| 23. | ડૉ. કોકિલાબહેન પારેખ | : | પ્રાધ્યાપક, હિન્દી શિક્ષક મહાવિદ્યાલય, ગૂ. વિ., અમદાવાદ |
| 24. | ડૉ. જગદીશભાઈ સાવલિયા | : | પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરા. |
| 25. | ડૉ. પ્રભુદાસ કાસુન્દ્રા | : | પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરા. |
| 26. | ડૉ. નિખીલભાઈ ભટ્ટ | : | પ્રાધ્યાપક, સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન એકમ, મ. દે. ગ્રામસેવા મહા., સાદરા. |
| 27. | ડૉ. શ્રીનિવાસ મૂર્તિ | : | પ્રાધ્યાપક, સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન એકમ, મ. દે. ગ્રામસેવા મહા., સાદરા. |
| 28. | ડૉ. મયૂરકુમાર શાહ | : | મદદનીશ, સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન એકમ, મ. દે. ગ્રામસેવા મહા., સાદરા. |
| 29. | ડૉ. શશીબાલા પંજાબી | : | સહ-પ્રાધ્યાપક, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજા. |

30. શ્રી સંજયભાઈ મકવાણા : મદદનીશ, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજા.
31. ડૉ. મયુરીબહેન ફાર્મર : પ્રાધ્યાપક, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, રાંધેજા.
32. ડૉ. રંજના હરીશ : સભ્ય, આંબાવાડી, અમદાવાદ.
33. ડૉ. કે. કે. ખખ્ખર : સભ્ય, પૂર્વ પ્રાધ્યાપક, અર્થશાસ્ત્ર વિભાગ, સૌ. યુનિ., રાજકોટ
34. ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની : સભ્ય, પૂર્વ નિયામક, એકેડેમિક સ્ટાફ કોલેજ, રાજકોટ
35. ડૉ. રાજેન્દ્ર ખીમાણી : કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
36. શ્રી રણછોડભાઈ ચૌહાણ : પરીક્ષામંત્રી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

આ બેઠકમાં (1) ડૉ. જમનાદાસ સાવલિયા (સંયોજક, મ. દે. શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરા) (2) ડૉ. મહેબૂબભાઈ દેસાઈ (અધ્યક્ષ, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, મ. દે. સ. મહા., અમદાવાદ) (3) ડૉ. ધીરેનભાઈ પટેલ (સહ-પ્રાધ્યાપક, કમ્પ્યૂટર વિભાગ, મ. દે. સ. સે. મહા., અમદાવાદ) (4) ડૉ. ગુલાબભાઈ પટેલ (સહ-પ્રાધ્યાપક, મ. દે. ગ્રામસેવા મહા., સાદરા) અગાઉથી અનુપસ્થિત રહેવાની જાણ કરી હતી. તેમની રજા મંજૂર કરવામાં આવી તથા (1) ડૉ. ગીતાબહેન વ્યાસ (પ્રાધ્યાપક, સમાજકાર્ય વિભાગ, મ. દે. સ. સે. મહા., અમદાવાદ) હાજર ન હોવાથી ઉપસ્થિત રહ્યા ન હતા. પરીક્ષા વિભાગ તરફથી શ્રી હેમંતભાઈ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા.

**આ બેઠકમાં રજૂ થયેલાં કાર્યો અંગે કરવામાં આવેલા ઠરાવોની વિગત નીચે પ્રમાણે છે.**

કાર્ય - 1 ગઈ તા. 03/03/2014ની બેઠકની અહેવાલનોંધને બહાલી આપવી.

ઠરાવ-1 ગઈ તા. 03/03/2014ના રોજ મળેલી વિદ્યાસભાના ઠરાવોનો અહેવાલ તા. 18/03/2014ના રોજ મોકલી આપવામાં આવ્યો હતો. તેને બહાલી આપવામાં આવી.

કાર્ય - 2 ગઈ તા. 03/03/2014ની બેઠકની અમલવારીનોંધ ધ્યાને લેવા અંગે. (પરિશિષ્ટ-1)

ઠરાવ-2 ગઈ તા. 3/3/2014ના રોજ મળેલી વિદ્યાસભાના ઠરાવોની અમલવારીનોંધ તા. 14/08/2014ના રોજ મોકલી આપવામાં આવી હતી. તેની નોંધ લેવામાં આવી.

**કાર્ય – 35 :** યુ.જી.સી. અધિનિયમ-2009 સિવાય વિદ્યાવાચસ્પતિ કક્ષાએ પ્રવેશ અંગે.

**સુધારો :**
(1) વિદ્યાસભાની પેટાસમિતિ અધિનિયમ સિવાય પ્રવેશ માટેની કાર્યવાહી કરશે.
(2) અધિનિયમ સિવાય વિદ્યાવાચસ્પતિ અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓએ પ્રવેશ મળ્યાબાદ જે મુદ્દાપર શોધકાર્ય કરવા માંગતા હોય તેને સંલગ્ન ગાંધીવિચાર સંબંધિત એક સ્વાધ્યાય (ટર્મ પેપર) રજૂ કરવાનું રહેશે આ સ્વાધ્યાયનું મૂલ્યાંકન 100 ગુણમાંથી કરવાનું રહેશે અને તેમાં લઘુતમ 50 ગુણ પ્રાપ્ત કરવાના રહેશે. લઘુતમ ગુણ પ્રાપ્ત ન કરનારનો પ્રવેશ આપોઆપ રદ ગણાશે તેવો સુધારો કરવામાં આવ્યો અને અમલવારીને બહાલી આપવામાં આવી.

કાર્ય – 3 ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ અભ્યાસક્રમો(ડિગ્રીઓ)ના નામાભિધાન અને તેના સમયગાળા અંગે યુ.જી.સી.ના D.O.No.F.5-1/2014 (CPP-II) તા. 12/07/2014ના રોજ કરેલા જાહેરનામા બાબતે.

ઠરાવ-3
(1) યુ.જી.સી.ના ઉપરોક્ત પત્રથી કરેલા જાહેરનામા સાથે મોકલી આપવામાં આવેલ ગુજરાતી નોંધના આધારે દરેક મહાવિદ્યાલય / વિભાગના વડાશ્રીએ પોતાના અભ્યાસક્રમ સંલગ્ન લાગુ પડતી પદવીઓ સંદર્ભે પોતાનો અભિપ્રાય વિદ્યાસભાનો અહેવાલ મળ્યે **સાત દિવસમાં** પરીક્ષા વિભાગને મોકલી આપે.
(2) આદરણીય કુલનાયકશ્રીની અધ્યક્ષતામાં આ કાર્ય અંગે નિર્ણય લેવા એક સમિતિની રચના કરવી અને ઉપરોક્ત અભિપ્રાયો અને યુ.જી.સી.ના પત્રથી કરેલા જાહેરનામાને ધ્યાને રાખી સમિતિ પોતાનો અહેવાલ આપશે.

(3) ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ સંલગ્ન વિભાગોની ફેકલ્ટીની રચના કરવી અને તેને કારોબારીની સમિતિમાં રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

(4) જરૂર જણાય તે પદવી માટે યુ.જી.સી.ને પત્ર લખી સ્પષ્ટતા લેવી.

(5) યુ.જી.સી.ના ઉપરોક્ત પત્ર સંદર્ભે AIUનો શું અભિગમ છે તેની રજૂઆત તેની બેઠકમાં કરવી.

કાર્ય – 4 પારંગત અભ્યાસક્રમોમાં ફરજિયાત છાત્રાલયનિવાસ અંગે કુલસચિવશ્રીની નોંધ બાબતે.

ઠરાવ-4 આ અંગે કુલનાયકશ્રી બધા જ સંબંધિત આચાર્ય / સંયોજક / વિભાગીય અધ્યક્ષ / ઇન્ચાર્જ / ગૃહમાતા અને ગૃહપતિ સાથે ચર્ચા વિચારણા કરી નિર્ણય કરશે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 5 પારંગત પદવી (માસ્ટર ડિગ્રી) મેળવેલા વિદ્યાર્થીઓને યુ.જી.સી. અધિનિયમ-2009 અંતર્ગત અનુપારંગત / વિદ્યાવાચસ્પતિના અભ્યાસક્રમમાં તેમની પસંદગીના વિષયમાં (આંતરવિદ્યા કે જૂથવિષય) પ્રવેશ માટે યોગ્ય ગણવા બાબત.

ઠરાવ-5 પારંગત પદવી મેળવેલા વિદ્યાર્થીઓને યુ.જી.સી. અધિનિયમ-2009 અંતર્ગત અનુપારંગત / વિદ્યાવાચસ્પતિના અભ્યાસક્રમમાં તેમની પસંદગીના વિષયમાં પ્રવેશ માટે યોગ્ય ગણવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 6 અનુપારંગત (M.Phil.) / વિદ્યાવાચસ્પતિ (Ph.D.) માટે તા. 10/04/2014ના રોજ મળેલી બેઠકમાં અધિનિયમ 2009માં થયેલા સુધારા-વધારાને બહાલી આપવા.

ઠરાવ-6 ઉપરોક્ત ઠરાવ નં.-5, 14નો સુધારો સામેલ કરી બહાલી આપવામાં આવી.

કાર્ય – 7 R. T. I. હેઠળ ઉત્તરવહી સંબંધિત માહિતી પૂરી પાડવા બાબત.

ઠરાવ-7 R. T. I. હેઠળ ઉત્તરવહી સંબંધિત માહિતી આપવા નીચેની વિગતે બહાલી આપવામાં આવી.

(1) જે તે વિદ્યાર્થી માહિતી અધિકારના કાયદાથી પોતાની ઉત્તરવહીની નકલ માંગે તો આપવામાં આવે છે પણ અન્ય વિદ્યાર્થીની ઉત્તરવહીની નકલ આપવામાં આવતી નથી.

(2) પોતાની ઉત્તરવહી જોવાનો કિસ્સો અત્યાર સુધી આવ્યો નથી પણ અરજી આવે તો વિદ્યાર્થીને પોતાની ઉત્તરવહી બતાવવામાં આવે છે, અન્ય વિદ્યાર્થીને નહીં.

(3) આંતરિક પરીક્ષાની ઉત્તરવહી બતાવવામાં આવે છે, પણ તેની નકલ આપવામાં આવતી નથી.

કાર્ય – 8 Council of Indian Open School Educationના પત્ર નં. CIOSE/14/PL/104, તા. 17/06/2014ના પત્ર અંગે.

ઠરાવ-8 Council of Indian Open School Educationના પત્ર નં. CIOSE/14/PL/104, તા. 17/06/2014ના પત્ર મુજબ CIOSEમાંથી ધોરણ-12 પાસ થયેલા વિદ્યાર્થીઓને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ માટે માન્ય કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 9 સોનલબહેન પટેલના સમાંતર અભ્યાસક્રમ બાબતે કાર્યવાહક સમિતિએ નિમેલી સમિતિએ રજૂ કરેલા અહેવાલ અંગે. **(પરિશિષ્ટ-2)**

ઠરાવ-9 હાલ આ બાબત નામદાર ન્યાયાલયમાં વિચારાધીન હોવાથી કોઈ નિર્ણય લેવાનો થતો નથી અને કારોબારી સમિતિએ નિમેલી સમિતિએ આપેલા અહેવાલને ધ્યાનમાં લેવામાં આવ્યો.

કાર્ય – 10 પારંગત / સ્નાતક કક્ષાએ તપાસ નિબંધ કે પ્રોજેક્ટ કાર્યમાં ગુણભાર અને આંતરિક – બાહ્ય મૂલ્યાંકનમાં રહેલી વિસંગતતા દૂર કરી સમાનતા બાબત.

ઠરાવ-10 પારંગત / સ્નાતક કક્ષાએ વિવિધ વિષયોમાં રજૂ થતાં તપાસ નિબંધ કે પ્રોજેક્ટ કાર્યના આંતરિક મૂલ્યાંકનમાં 40 ટકા અને બાહ્ય મૂલ્યાંકનમાં 60 ટકાનું ધોરણ લાગુ પાડવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 11 2-00 કલાકના પ્રશ્નપત્રમાં જ્યાં 4 પ્રશ્નો હોય અને ‘અ’ તથા ‘બ’ પૂછવામાં આવ્યા હોય ત્યાં પરીક્ષાનો સમય 2-30 કલાકનો કરવા અંગે પરીક્ષકશ્રીના અહેવાલમાં આવેલા સૂચન બાબત.

ઠરાવ-11 2-00 કલાકના 60 ગુણના પ્રશ્નપત્રમાં પરીક્ષાનો સમય 2-30 કલાકનો કરવાનું ઠરાવવામાં આવ્યું. આનો અમલ નવેમ્બર-2014થી લેવાનારી પરીક્ષાથી કરવાનો રહેશે.

કાર્ય – 12 સમાજકાર્ય પારંગત સત્ર-4ના નવેમ્બર-ડિસેમ્બર 2014થી શરૂ થયેલા અભ્યાસક્રમમાં ક્ષેત્રકાર્યની જેમ કેન્દ્રનિવાસના મૂલ્યાંકન માટે પરીક્ષકનો પુરસ્કાર નક્કી કરવા બાબતે.

ઠરાવ-12 સમાજકાર્ય પારંગત સત્ર-4ના નવેમ્બર-ડિસેમ્બર 2014થી શરૂ થયેલા અભ્યાસક્રમમાં ક્ષેત્રકાર્યની જગ્યાએ કેન્દ્રનિવાસ દાખલ કરવામાં આવેલું છે. ક્ષેત્રકાર્યની જેમ જ કેન્દ્રનિવાસના મૂલ્યાંકન માટે પણ બાહ્ય પરીક્ષકો આવે છે, અહેવાલ ચકાસે છે અને ત્યારબાદ મૌખિક પરીક્ષા લેવાય છે. ક્ષેત્રકાર્યમાં વિદ્યાર્થીદીઠ રૂ. 100 પુરસ્કાર ગણી તેને પરીક્ષકોને સરખે હિસ્સે આપવામાં આવે છે. આ જ ધોરણ પ્રમાણે કેન્દ્રનિવાસની પરીક્ષામાં કુલ વિદ્યાર્થી × રૂ. 100 ÷ કુલ પરીક્ષકો એ પ્રમાણે પુરસ્કાર આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 13 વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખી નાપાસ થનારા વિદ્યાર્થીઓને પાંચ ગુણની મર્યાદામાં કૃપાગુણ આપવા બાબતે પરીક્ષા વિભાગની દરખાસ્ત અંગે.

ઠરાવ-13 વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખી નાપાસ થનારા વિદ્યાર્થીઓને પાંચ ગુણની મર્યાદામાં કૃપાગુણ બાબતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું.

(1) જે સત્રમાં વિદ્યાર્થી નાપાસ થાય તેમાં પાંચ ગુણની મર્યાદામાં કૃપાગુણ આપવાના રહેશે.

(2) જે તે સત્રમાં નાપાસ થનારા વિદ્યાર્થીને વધુમાં વધુ બે પાઠ્યક્રમમાં જ કૃપાગુણ આપવામાં આવશે.

(3) કૃપાગુણ આપવાથી વિદ્યાર્થી જે તે સત્રમાં પાસ થવો જોઈએ.

કાર્ય – 14 વિદ્યાવાચસ્પતિ (Ph.D.) કક્ષાએ અભ્યાસ દરમ્યાન અનુપારંગત (M.Phil.) કક્ષાએ માર્ગદર્શક તરીકેનું કાર્ય એમ બે કાર્ય સાથે ન થાય તે બાબતે કુલસચિવશ્રીની નોંધ અંગે.

ઠરાવ-14 વિદ્યાવાચસ્પતિ (Ph.D.) કક્ષાએ અભ્યાસ દરમ્યાન અનુપારંગત (M.Phil.) કક્ષાએ માર્ગદર્શક તરીકેનું કાર્ય એમ બે કાર્ય સાથે ન થાય તેમ ઠરાવવામાં આવ્યું. ટૂંકમાં સહ-પ્રાધ્યાપક પાસે વિદ્યાવાચસ્પતિની પદવી ન હોય તો અનુપારંગત કક્ષાએ માર્ગદર્શક તરીકેની સીધી મંજૂરી ન આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 15 વિજ્ઞાન પારંગત (સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન) અભ્યાસક્રમના સત્ર-4ના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવતા તપાસ નિબંધના સમયગાળામાં છૂટછાટ બાબતે તથા પરીક્ષા વિભાગમાં રજૂ થયા બાદ બે માસમાં મૌખિક પરીક્ષા ગોઠવવા સૂક્ષ્મજીવાણુ વિજ્ઞાન વિભાગના ઇન્ચાર્જશ્રીની દરખાસ્ત અંગે.

ઠરાવ-15 સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન એકમના ઇન્ચાર્જશ્રીએ વિજ્ઞાન પારંગત (સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન)ના તપાસ નિબંધ દર વર્ષે વહેલામાં વહેલા 30 એપ્રિલ સુધીમાં અથવા તે પછી ગમે ત્યારે સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન વિભાગમાં રજૂ કરવા અને તપાસ નિબંધ રજૂ થયા બાદ બે માસમાં વિદ્યાર્થીઓની મૌખિર પરીક્ષા ગોઠવવાની દરખાસ્તને સ્વીકારવામાં આવી.

કાર્ય – 16 વિજ્ઞાન વિશારદ (સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન) અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા 11 વિદ્યાર્થીઓની ગેરહાજરીના કારણે તેમનું સત્ર મંજૂર છે કે નામંજૂર તે અંગે પરીક્ષા વિભાગની દરખાસ્ત બાબતે.

સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વૈદકીય રજા, સત્રની રજામાં વધારો તથા સત્ર નામંજૂર બાબતે કુલસચિવશ્રીના પત્રની નોંધ લેવા અંગે.

ઠરાવ-16 સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન એકમના વિજ્ઞાન વિશારદ સત્ર-2ના ત્રણ, સત્ર-4ના છ તથા વિજ્ઞાન પારંગતના બે એમ કુલ 11 વિદ્યાર્થીઓની જે તે સત્ર દરમિયાન 10 થી વધુ ગેરહાજરી થઈ હતી. તે સંદર્ભે વિદ્યાર્થીઓ પ્રતીક આંદોલન પર હતા. તેમની સાથેની બેઠકોમાં જે નિર્ણયો લેવામાં આવ્યા હતા તેને મંજૂર રાખવાનું ઠરાવવામાં આવ્યું.

(1) આ વિદ્યાર્થીઓનું જે તે સત્ર નામંજૂર કરવું.

(2) આ વિદ્યાર્થીઓની જે તે સત્રની આંતરિક પરીક્ષા (સૈદ્ધાંતિક તથા પ્રાયોગિક) ગ્રાહ્ય રાખવી.

(3) આ વિદ્યાર્થીઓની જે તે સત્રની સત્રાંત પરીક્ષા એપ્રિલ-2014માં ન લેવી પરંતુ નવેમ્બર-ડિસેમ્બર 2014 દરમ્યાન લેવાતી સત્રાંત પરીક્ષા બાદ સત્ર-2, 4ની સત્રાંત પરીક્ષા લેવી.

(4) વૈદ્યકીય રજાઓ, સત્રદીઠ મળતી 10 રજા તથા તેથી વધુ રજા થાય તો સત્ર નામંજૂર અંગે અગાઉની વ્યવસ્થા યથાવત્ રાખવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 17 વિદ્યાર્થીઓની ગેરહાજરી બાબતે સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન વિભાગના અધ્યાપક શ્રી મયુરભાઈ શાહના પત્ર બાબતે. (પરિશિષ્ટ-3)

ઠરાવ-17 વિદ્યાર્થીઓની ગેરહાજરી બાબતે સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન વિભાગના અધ્યાપક શ્રી મયુરભાઈ શાહનો પત્ર ધ્યાને લેવામાં આવ્યો અને હાલ જે પ્રમાણે કાર્યવાહી કરવામાં આવે છે તે ચાલુ રાખવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 18 મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા ખાતે સમાજવિદ્યા વિશારદ સત્ર-4માં અભ્યાસ કરતા વિદ્યાર્થી નિકુલ હસમુખભાઈ પટેલ તથા મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજા ખાતે સમાજવિદ્યા વિશારદમાં અભ્યાસ કરતી ત્રણ વિદ્યાર્થિનીઓની ગેરવાજબી રીતરસમ અંગે પેટાસમિતિએ લીધેલા નિર્ણયને બહાલી આપવા અંગે. (પરિશિષ્ટ-4)

ઠરાવ-18 મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા ખાતે સમાજવિદ્યા વિશારદ સત્ર-4માં અભ્યાસ કરતા વિદ્યાર્થી નિકુલ હસમુખભાઈ પટેલ તથા મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજા ખાતે સમાજવિદ્યા વિશારદમાં અભ્યાસ કરતી ત્રણ વિદ્યાર્થિનીઓની ગેરવાજબી રીતરસમ અંગે પેટાસમિતિએ લીધેલા નિર્ણયને બહાલી આપવામાં આવી.

કાર્ય – 19 તા. 16/03/2012ની વિદ્યાસભાના ઠરાવ નં.-23 મુજબ ગાંધીદર્શન વિભાગમાં “સ્વઅધ્યયન દ્વારા ગાંધીદર્શન પારંગત”ના ચાર સત્રના મંજૂર થયેલા (રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે) અભ્યાસક્રમના નામમાં કરેલો સુધારો “પારંગત : ગાંધીવિચાર (M.A. : Gandhian Thought)”ને બહાલી આપવા વિભાગીય અધ્યક્ષશ્રી ડૉ. પુષ્પાબહેન મોતીયાનીની તા. 25/04/2014ની અરજી બાબત.

ઠરાવ-19 તા. 16/03/2012ની વિદ્યાસભાના ઠરાવ નં.-23 મુજબ ગાંધીદર્શન વિભાગમાં “સ્વઅધ્યયન દ્વારા ગાંધીદર્શન પારંગત”નો ચાર સત્રના મંજૂર થયેલા (રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે) અભ્યાસક્રમના નામમાં કરેલો સુધારો “પારંગત : ગાંધીવિચાર (M.A. : Gandhian Thought)”ને વિદ્યાસભામાં બહાલી આપવામાં આવી.

કાર્ય – 20 જૂન-2014થી યોગવિદ્યા અનુસ્નાતક ડિપ્લોમા(સ્વાધ્યાય પદ્ધતિ) અભ્યાસક્રમનું નામ “યોગવિદ્યા અનુસ્નાતક ડિપ્લોમા(ખંડ સમય)” બદલવા તથા અભ્યાસક્રમના અંદાજપત્રને માનનીય કુલસચિવશ્રીએ આપેલી મંજૂરીને બહાલી આપવા અંગે.

વર્ષ 2013-14માં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓના ગુણપત્રમાં “યોગવિદ્યા અનુસ્નાતક ડિપ્લોમા(ખંડ સમય)”એમ સુધારો કરી આપવા વિદ્યાર્થીઓની તા. 28/04/2014ની અરજી અંગે.

ઠરાવ-20 જૂન-2014થી યોગવિદ્યા અનુસ્નાતક ડિપ્લોમા(સ્વાધ્યાય પદ્ધતિ) અભ્યાસક્રમનું નામ "યોગવિદ્યા અનુસ્નાતક ડિપ્લોમા(ખંડ સમય)" બદલવા આપેલી મંજૂરીને બહાલી આપવામાં આવી તથા વર્ષ 2013-14માં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓના ગુણપત્રમાં "યોગવિદ્યા અનુસ્નાતક ડિપ્લોમા(ખંડ સમય)"એમ સુધારો કરી આપવાનું ઠરાવવામાં આવ્યું. વળી, અભ્યાસક્રમના અંદાજપત્રને માનનીય કુલસચિવશ્રીએ આપેલી મંજૂરીને બહાલી આપવામાં આવી.

કાર્ય – 21 નીચે દર્શાવેલા નવા/સુધારા-વધારા થયેલા અભ્યાસક્રમોને મંજૂર કરવા/બહાલી આપવા બાબતે.

| અભ્યાસક્રમ | વિષયનું નામ | નોંધ |
|---|---|---|
| પ્રમાણપત્ર | ગુજરાતી છ માસનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ | ---------------------- |
| અનુસ્નાતક ડિપ્લોમા | દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમ (ટેલિવિઝન) નિર્માણનો અનુસ્નાતક ડિપ્લોમા | ---------------------- |
| | યોગવિદ્યા અનુસ્નાતક ડિપ્લોમા (ખંડ સમય) | ---------------------- |
| સમાજવિદ્યા વિશારદ | ગુજરાતી | ---------------------- |
| | સમાજશાસ્ત્ર | ---------------------- |
| | ઇતિહાસ | ---------------------- |
| | હિન્દી | ---------------------- |
| વિજ્ઞાન વિશારદ | સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન | **BIO-101, BIO-201**ના અભ્યાસક્રમમાં સુધારા. |
| પારંગત | ગુજરાતી | ---------------------- |
| | સમાજશાસ્ત્ર | ---------------------- |
| | ઇતિહાસ | ---------------------- |
| | કમ્પ્યૂટર વિનિયોગ | **MCA**-402ના અભ્યાસક્રમમાં સુધારા. |
| | શિક્ષણશાસ્ત્ર | વૈકલ્પિક વિષય : દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ અને શિક્ષણ સામગ્રી |
| અનુપારંગત | સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન | અભ્યાસકાર્ય |
| વિદ્યાવાચસ્પતિ | | |

ઠરાવ-21 ઉપરોક્ત નવા / સુધારા-વધારા થયેલા અભ્યાસક્રમોને મંજૂરી (બહાલી) / બહાલી આપવામાં આવી.

કાર્ય – 22 આદરણીય કુલનાયકશ્રીએ વિદ્યાવાચસ્પતિ કક્ષાએ "શિક્ષણશાસ્ત્ર" વિષયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અશોકભાઈ વિઠ્ઠલદાસ પ્રજાપતિ, જયેશકુમાર વિઠ્ઠલભાઈ પટેલ તથા અર્થશાસ્ત્ર વિષયમાં શ્રી સુરમ્ય દ. વોરાને વિદ્યાસભાની મંજૂરીની અપેક્ષાએ ફરી નામનોંધણી માટે આપેલી મંજૂરીને બહાલી આપવા અંગે.

ઠરાવ-22 આદરણીય કુલનાયકશ્રીએ વિદ્યાવાચસ્પતિ કક્ષાએ "શિક્ષણશાસ્ત્ર" વિષયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અશોકભાઈ વિઠ્ઠલદાસ પ્રજાપતિ, જયેશકુમાર વિઠ્ઠલભાઈ પટેલ તથા અર્થશાસ્ત્ર વિષયમાં શ્રી સુરમ્ય દ. વોરાને વિદ્યાસભાની મંજૂરીની અપેક્ષાએ ફરી નામનોંધણી માટે આપેલી મંજૂરીને બહાલી આપવામાં આવી.

કાર્ય – 23 નીચે દર્શાવેલા સેવકોને આગળ અભ્યાસ માટે આપેલી મંજૂરીને બહાલી આપવા અંગે.

| ક્રમ | નામ | અભ્યાસક્રમનું નામ | વિશ્વવિદ્યાલય |
|---|---|---|---|
| 1. | યોગેશકુમાર ન. વાસિયા<br>મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા | P. G. Diploma in Research Methodology. | વીર નર્મદ દ. ગુ. યુનિ., સુરત |
| 2. | રતિલાલ શ. અમીન<br>શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂ.વિ., | વિદ્યાવાચસ્પતિ | સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર. |
| 3. | શ્રી નિલેશ કાપડિયા | પારંગત : ગાંધીવિચાર | મ. દે. સમાજસેવા મહા. |
| 4. | શ્રી અમીષાબહેન એન. શાહ | વિદ્યાવાચસ્પતિ : ગ્રામ વ્યવસ્થાપન | ગ્રામવ્યવસ્થાપન કેન્દ્ર, રાંધેજા |
| 5. | શ્રી અરવિંદકુમાર ડુંગરેચીયા | વિદ્યાવાચસ્પતિ : સૂક્ષ્મજીવાણુ વિજ્ઞાન | મ. દે. ગ્રામસેવા મહા., સાદરા. |

ઠરાવ-23 ઉપરોક્ત સેવકોને પોતાના ચાલુ કાર્યને અસર ન થાય તે શરતે આગળ અભ્યાસ માટે આપેલી મંજૂરીને બહાલી / મંજૂરી આપવામાં આવી.

કાર્ય – 24 વર્ષ 2014-15થી એમ.સી.એ. તથા પી.જી.ડી.સી.એ. ના બધા સત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની આંતરિક પરીક્ષાના નિયમોને બહાલી આપવા અંગે. (પરિશિષ્ટ-5)

ઠરાવ-24 એમ.સી.એ. તથા પી.જી.ડી.સી.એ. માટે વિભાગે રજૂ કરેલાં આંતરિક પરીક્ષાના નિયમોને બહાલી આપવામાં આવી. આ ઠરાવનો અમલ જૂન-જુલાઈ 2014થી તમામ સત્રોમાં કરવાનો રહેશે.

કાર્ય – 25 સ્નાતક / ડિપ્લોમા / પારંગત અભ્યાસક્રમોમાં પરીક્ષા સંબંધિત નિયમોમાં સમયાંતરે થયેલા ફેરફારને સામેલ કરવા બાબતે. (પરિશિષ્ટ-6)

ઠરાવ-25 સ્નાતક / ડિપ્લોમા / પારંગત અભ્યાસક્રમોમાં પરીક્ષા સંબંધિત નિયમોમાં સમયાંતરે થયેલા ફેરફારને પરિશિષ્ટ-6 મુજબ બહાલી આપવામાં આવી.

આ અહેવાલના ઠરાવ નં.-13, 32 તથા 33નો સમાવેશ ઠરાવ નં.-25ની પરિશિષ્ટ-6 (પરીક્ષા સંબંધિત નિયમો)માં કરેલ છે.

કાર્ય – 26 વિદ્યાવાચસ્પતિ કક્ષાએ પાંચમા વર્ષ માટે મુદત વધારો આપવા અંગે.

| ક્રમ | નામ | વિષય |
|---|---|---|
| 1. | ઘનશ્યામભાઈ મોહનભાઈ વાઘેલા | સમાજકાર્ય |
| 2. | દુષ્યંત વિદ્યાશંકર રાવલ | ગ્રામવ્યવસ્થાપન |
| 3. | શ્રી કેતન ઉકાભાઈ બુહા | ગુજરાતી |
| 4. | શ્રી અમી અરુણભાઈ ભટ્ટ | હિન્દી |
| 5. | શ્રી ધર્મેશ એન અધ્યારુ | સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન |
| 6. | શ્રી ક્ષમા એચ. બાસાપુરે | સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન |
| 7. | શ્રી રાકેશ સોની | સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન |

ઠરાવ-26 વિદ્યાવાચસ્પતિ કક્ષાએ જે તે વિષયમાં પાંચમા વર્ષ માટે મુદત વધારો આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 27 સેવકોની ગૂજરાત વિદ્યાપીઠના અભ્યાસક્રમોમાં અભ્યાસ દરમ્યાન વર્ગકાર્ય કે શિબિરમાં ઉપસ્થિત રહેવા માટેની રજાની જોગવાઈ અંગે.

ઠરાવ-27 તમામ સેવકોને પારંગત ગાંધીવિચાર અને સામાજિકવિજ્ઞાન (સ્વાધ્યાય પદ્ધતિ) અભ્યાસક્રમમાં અભ્યાસ કરવા માટે વર્ગકાર્ય કે શિબિરમાં ઉપસ્થિત રહેવા માટેની રજા સંસ્થાગત ગણવાની મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું. સત્રની કુલ કેટલી રજા મંજૂરી કરવી તે ગાંધીદર્શન વિભાગના આયોજનના આધારે ગાંધીદર્શન વિભાગ કરશે.

કાર્ય – 28 "સ્વ. સાહિત્યકાર દક્ષાબહેન જયેશભાઈ દેસાઈ" નામનો રજતચંદ્રક "પારંગત (વિષય : ગુજરાતી)"માં પ્રદાન કરવા માટે શ્રી જયેશભાઈ દેસાઈ અને અનસુયાબહેન શેઠની દરખાસ્ત બાબતે.

ઠરાવ-28 "સ્વ. સાહિત્યકાર દક્ષાબહેન જયેશભાઈ દેસાઈ" નામનો રજતચંદ્રક "પારંગત (વિષય : ગુજરાતી)"માં પ્રદાન કરવા માટે શ્રી જયેશભાઈ દેસાઈ અને અનસુયાબહેન શેઠની દરખાસ્તને બહાલી આપવામાં આવી. વિદ્યાસભાના સૌ સભ્યોએ આભારની લાગણી વ્યક્ત કરી હતી. નામાભિધાનમાં અનુકૂળતા મુજબ '**સાહિત્યકાર**' શબ્દ મૂકવા અંગે પરીક્ષા વિભાગ નિર્ણય કરશે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 29 નીચેના નામની સામે દર્શાવેલા વિષયમાં વિદ્યાવાચસ્પતિ / અનુપારંગત કક્ષાએ આદરણીય કુલનાયકશ્રીએ વિદ્યાસભાની મંજૂરીની અપેક્ષાએ માર્ગદર્શક / સહ-માર્ગદર્શક તરીકે આપેલી મંજૂરીને બહાલી આપવા અંગે.

| ક્રમ | નામ<br>મહાવિદ્યાલય / વિભાગનું નામ | વિષય | કક્ષા | વિશ્વવિદ્યાલય<br>(યુનિવર્સિટી) |
|---|---|---|---|---|
| 1. | ડૉ. નિરજ સિલાવટ<br>મ. દે. શા. શિ. મહા., સાદરા | શારીરિક શિક્ષણ | અનુપારંગત<br>વિદ્યાવાચસ્પતિ | ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| 2 | ડૉ. કૌશિક આર. પટેલ<br>સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન એકમ, સાદરા | ભૌતિક વિજ્ઞાન | વિદ્યાવાચસ્પતિ | હેમ. ઉ. ગુ. યુનિ., પાટણ. |
| 3. | ડૉ. સીતારામ પાનજીભાઈ દેશમુખ<br>શિક્ષણ મહા., અમદાવાદ. | શિક્ષણશાસ્ત્ર | અનુપારંગત | ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| 4. | ડૉ. છનાભાઈ એન. ભીંસરા<br>શિક્ષણ મહા., અમદાવાદ. | શિક્ષણશાસ્ત્ર | અનુપારંગત | ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| 5. | ડૉ. જિજ્ઞેશકુમાર ગિ. પટેલ<br>શિક્ષણ મહા., અમદાવાદ. | શિક્ષણશાસ્ત્ર | વિદ્યાવાચસ્પતિ | ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| 6. | ડૉ. મહેશનારાયણ દીક્ષિત<br>શિક્ષણ મહા., અમદાવાદ. | શિક્ષણશાસ્ત્ર | વિદ્યાવાચસ્પતિ | ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| 7. | ડૉ. ધ્વનિલ પારેખ<br>મ. દે. ગ્રામસેવા મહા., સાદરા | ગુજરાતી | વિદ્યાવાચસ્પતિ | ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| 8. | ડૉ. ભરતભાઈ હરિપ્રસાદ પટેલ<br>રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા<br>(વન વિભાગ) | ગ્રામવ્યવસ્થાપ ન | વિદ્યાવાચસ્પતિ (સહમાર્ગદર્શક) | ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| 9. | શ્રી પ્રયતકરભાઈ કાનડિયા | ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન | અનુપારંગત<br>વિદ્યાવાચસ્પતિ | ગૂજરાત વિદ્યાપીઠ |
| 10. | શ્રી મયૂરભાઈ ચં. શાહ | રસાયણશાસ્ત્ર | વિદ્યાવાચસ્પતિ | કડી સર્વ વિશ્વવિદ્યાલય |
| 11. | શ્રી કૌશિકકુમાર રુગનાથભાઈ પટેલ | ભૌતિકશાસ્ત્ર | વિદ્યાવાચસ્પતિ | કડી સર્વ વિશ્વવિદ્યાલય |
| 12. | શ્રી જિજ્ઞેશભાઈ પટેલ | શિક્ષણશાસ્ત્ર | અનુપારંગત<br>વિદ્યાવાચસ્પતિ | ગણપત યુનિવર્સિટી |
| 13. | શ્રી ડાહ્યાભાઈ પટેલ | શિક્ષણશાસ્ત્ર | અનુપારંગત<br>વિદ્યાવાચસ્પતિ | ગણપત યુનિવર્સિટી |

ઠરાવ-29 ઉપરોક્ત નામની સામે દર્શાવેલા વિષયમાં વિદ્યાવાચસ્પતિ / અનુપારંગત કક્ષાએ આદરણીય કુલનાયકશ્રીએ વિદ્યાસભાની મંજૂરીની અપેક્ષાએ માર્ગદર્શક / સહ-માર્ગદર્શક તરીકે આપેલી મંજૂરીને બહાલી આપવામાં આવી.

કાર્ય-30 તા. 18-10-2014ના રોજ યોજાનારા 61મા પદવીદાન સમારંભમાં એનાયત થનારી પદવીઓ, પારિતોષિકોને બહાલી આપવા ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટીમંડળને ભલામણ કરવા અંગે.(પરિશિષ્ટ મુજબ)

ઠરાવ-30 તા. 18-10-2014ના રોજ યોજાનારા 61મા પદવીદાન સમારંભમાં એનાયત થનારી પદવીઓ, પારિતોષિકોને બહાલી આપવા ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટીમંડળને (પરિશિષ્ટ-7/1 તથા 7/2 મુજબ) ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-31 સમાજવિદ્યા વિશારદના સત્ર-1ના પાઠ્યક્રમો સીસી 101, 104 અને સત્ર 2ના પાઠ્યક્રમ સીસી 204 એમ ત્રણેય પાઠ્યક્રમમાં સૌથી વધુ ગુણ મેળવનારા વિદ્યાર્થીને "સ્વ.શ્રી હરિલાલ માણેકલાલ દેસાઈ ગાંધીવિચાર દર્શન પારિતોષિક" એનાયત કરવા વિદ્યાસભાની મંજૂરીની અપેક્ષાએ આપેલી સંમતિને બહાલી આપવા અંગે.

ઠરાવ-31 સમાજવિદ્યા વિશારદના સત્ર-1ના પાઠ્યક્રમો સીસી 101, 104 અને સત્ર 2ના પાઠ્યક્રમ સીસી 204 એમ ત્રણેય પાઠ્યક્રમમાં સૌથી વધુ ગુણ મેળવનારા વિદ્યાર્થીને "સ્વ.શ્રી હરિલાલ માણેકલાલ દેસાઈ ગાંધીવિચાર દર્શન પારિતોષિક" એનાયત કરવા વિદ્યાસભાની મંજૂરીની અપેક્ષાએ આપેલી સંમતિને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 32 સાદરા તથા રાંધેજા કેન્દ્રમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો માટે ફેરગણતરી અને ફેરતપાસ માટેનાં અરજીપત્રો જે તે મહાવિદ્યાલય દ્વારા ભરાવી, જરૂરી ફી મેળવી લઈને પરીક્ષા વિભાગમાં એકસાથે રજૂ કરવા અંગે મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરાના સંયોજકશ્રીની દરખાસ્ત અંગે.

ઠરાવ-32 સાદરા તથા રાંધેજા કેન્દ્રમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો માટે ફેરતપાસ અને ફેરગણતરી માટેનાં અરજીપત્રો જે તે મહાવિદ્યાલય દ્વારા ભરાવી, જરૂરી ફી મેળવી લઈને પરીક્ષા વિભાગમાં એકસાથે રજૂ કરવા અંગે મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરાના સંયોજકશ્રીની દરખાસ્તને મંજૂર કરવાનું અને વિદ્યાર્થી જાતે પણ પરીક્ષા વિભાગને સીધી અરજી કરી શકશે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-33 ફેરતપાસ અને ફેરગણતરીની તારીખ વીતી ગયા પછી વિદ્યાર્થીને ગુણપત્ર મળે તેવા સંજોગોમાં પાસ થનારા વિદ્યાર્થીઓને મેળવેલા ગુણ માટે અસંતોષ હોય તો ફેરગણતરી અને ફેરતપાસ માટે તક આપવા બાબત મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરાના સંયોજકશ્રીની દરખાસ્ત અંગે.

ઠરાવ-33 જે તે અભ્યાસક્રમનું પરિણામ જાહેર થાય તેમાં ગુણપત્ર મેળવવાની જે તારીખ દર્શાવવામાં આવી હોય તે તારીખથી 10 દિવસની અંદર નાપાસ તથા પાસ વિદ્યાર્થી ફેરગણતરી કે ફેરતપાસ માટે ઉપરોક્ત ઠરાવ નં.-32ની વ્યવસ્થા પ્રમાણે નિયત અરજીપત્ર ભરી શકશે તેવું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-34 બી.એસસી.(એગ્રિકલ્ચર)નો અભ્યાસક્રમ શરૂ કરવા માટે વિદ્યાસભાની સૈદ્ધાંતિક મંજૂરી અંગે.

ઠરાવ-34 બી.એસસી.(એગ્રિકલ્ચર)નો અભ્યાસક્રમ શરૂ કરવા માટે વિદ્યાસભામાં સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી અને ફેકલ્ટી ઓફ સાયન્સની રચના કરી તેમાં માઈક્રોબાયોલોજી અને એગ્રિકલ્ચરના અભ્યાસક્રમોને સામેલ કરવાનું નક્કી કરવામાં આવ્યું. ઉપરાંત I.C.A.R. અને U.G.C.ની મંજૂરી લેવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-35 એમ.ફિલ., પીએચ.ડી. સહિત વિવિધ અભ્યાસક્રમોમાં જે તે કક્ષા(કેટેગરી)ના વિદ્યાર્થીઓની બેઠકો ખાલી રહેતી હોય તેવા સંજોગોમાં અન્ય કક્ષા(કેટેગરી)ના વિદ્યાર્થીઓ ઉપલબ્ધ હોય તો તેમને પ્રવેશ આપવા અંગે.

ઠરાવ-35 એમ.ફિલ., પીએચ.ડી. સહિત વિવિધ અભ્યાસક્રમોમાં SC, ST અને OBC કક્ષાના વિદ્યાર્થીઓની બેઠકો ખાલી રહેતી હોય તેવા સંજોગોમાં સામાન્ય કક્ષા (General કેટેગરી)ના વિદ્યાર્થીઓ ઉપલબ્ધ હોય તો તેમને પ્રવેશ આપવાનું ઠરાવવામાં આવ્યું. આ ઠરાવનો અમલ માત્ર વર્ષ 2014-15માં થયેલી પ્રવેશ કાર્યવાહીમાં જ લાગુ પડશે.

કાર્ય-36 એમફિલ., પીએચ.ડી. પ્રવેશ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા અને અગ્રતાક્રમ યાદીમાં સ્થાન પામેલા વિદ્યાર્થીઓને જે તે વિષયમાં બેઠક (ઇન્ટેક) ન હોવાથી પ્રવેશ ન મળ્યો હોય તો જ્યારે પણ બેઠક (ઇન્ટેક) ઉપલબ્ધ થાય ત્યારે પ્રવેશ આપવા અને અનામત કે સામાન્ય કક્ષાના વિદ્યાર્થીની ફાળવણીની પ્રક્રિયા નક્કી કરવા અંગે.

ઠરાવ-36 ઉપરોક્ત ઠરાવ-3 મુજબ ફેકલ્ટીઓની રચના થયા પછી આ અંગે વિચારવાનું રહેશે. હાલની અમલમાં પ્રવેશ પ્રક્રિયા ચાલુ રાખવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 37 કોમ્પ્યુટર વિજ્ઞાન અભ્યાસક્રમ સમિતિને મંજૂરી આપવા અંગે.

ઠરાવ-37 કોમ્પ્યુટર વિજ્ઞાન અભ્યાસક્રમ સમિતિને મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય - 38 મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજાના વિદ્યાર્થીઓને સ્પોકન અંગ્રેજી ઉપરાંત સામાન્ય પોષણ, સિલાઈ (ગારમેન્ટ મેકિંગ) અને વ્યક્તિત્વ વિકાસ એમ વધારાની ક્રેડિટના ત્રણ પાઠ્યક્રમ માટે કુલનાયકશ્રીએ આપેલી મંજૂરીને બહાલી આપવા અંગે.

ઠરાવ-38 મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજાના વિદ્યાર્થીઓને સ્પોકન અંગ્રેજી ઉપરાંત સામાન્ય પોષણ, સિલાઈ (ગારમેન્ટ મેકિંગ) અને વ્યક્તિત્વ વિકાસ એમ વધારાની ક્રેડિટના ત્રણ પાઠ્યક્રમ માટે કુલનાયકશ્રીએ આપેલી મંજૂરીને બહાલી આપવામાં આવી.

કાર્ય -39 શ્રી મંજુલાબહેન ડાભીને ગૂજરાત વિદ્યાપીઠમાં અર્થશાસ્ત્ર વિષયમાં વિદ્યાવાચસ્પતિ કક્ષાએ માર્ગદર્શક તરીકેની માન્યતા મેળવવા માટે રજૂ કરેલા સંશોધનને લગતાં બંને પુસ્તકોને માન્ય કરવા બાબત.

ઠરાવ-39 ડૉ. મંજુલાબહેનની શૈક્ષણિક લાયકાત, પારંગત કક્ષાએ સાત વર્ષનો શૈક્ષણિક તથા પારંગત કક્ષાએ 27 તથા અનુપારંગત કક્ષાએ 07 વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપેલું છે અને તેઓ ઉત્તીર્ણ થયેલા છે. ડૉ. મંજુલાબહેન ડાભીના વિદ્યાવાચસ્પતિ શોધનિબંધ પરથી વિદ્યાપીઠે પ્રકાશિત કરેલા પુસ્તકને તથા સંશોધનને લગતું બીજુ એક પુસ્તક *Discrimination in The Labour Market* વિદ્યાપીઠે પ્રકાશિત કરેલું છે. વિદ્યાપીઠમાં માર્ગદર્શકના ધોરણ પ્રમાણે આ બંને સંશોધન પુસ્તકો ત્રણ-ત્રણ સંશોધનપત્રોની સમકક્ષ ગણી શકાય. ઉપરાંત તેમનું એક સંશોધનપત્ર તજ્જ્ઞશ્રીએ માન્ય કરેલું છે. આ તમામ બાબતોને ધ્યાનમાં લેતા તેમના સંશોધનપત્રોની પૂર્તતા થાય છે. તેથી તેમને વિદ્યાવાચસ્પતિ કક્ષાએ “અર્થશાસ્ત્ર” વિષયમાં માર્ગદર્શક તરીકેની માન્યતા આપવાનું ઠરાવવામાં આવ્યું.

આદરણીય કુલનાયકશ્રીને મળેલા “**શિક્ષણ શિરોમણી**” પુરસ્કારને સૌ સભ્યોએ સહર્ષ વધાવીને અભિનંદન પાઠવ્યા. અંતે પ્રમુખશ્રીએ સર્વ સભ્યોનો આભાર વ્યક્ત કરી બેઠક પૂરી થયેલી જાહેર કરી હતી.

તા. 20/09/2014

(રાજેન્દ્ર ખીમાણી)
કુલસચિવ